**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક(પાર્ટ)**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા.૧૦/૦૭/૨૦૨૩**

**વંચાણે લીધાઃ-**

**(૧) શિક્ષણ વિભાગનો તા.૧૦-૦૭-૨૦૨૩નો ઠરાવ ક:ED/KEF/f-file/3/2023/0277/K**

**(૨) શિક્ષણ વિભાગનો તા.૧૦-૦૭-૨૦૨૩નો ઠરાવ ક:પીઆરઇ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક**

**પ્રસ્તાવનાઃ-**

રાજયની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થઇ શકે તથા યોગ, શારીરિક શિક્ષણ, તથા રમત ગમતમાં રસ રૂચિ વધે તથા ભવિષ્યમાં યોજનાર રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ખેલકૂદ સ્પર્ધાઓમાં ગુજરાતનાં વિદ્યાર્થીઓ વધુમાં વધુ સંખ્યામાં પ્રતિનિધિત્વ કરી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી શકે તે માટે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રમત ગમત અને ખેલકૂદ માટે તૈયાર કરવા ઉચ્ચક માનદવેતનથી કરાર આધારિત 'ખેલ સહાયક યોજના' અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવેલ છે. આ ખેલ સહાયક માટે **ખેલ અભિરૂચિ કસોટી** (Sports Aptitude Test)(SAT) તૈયાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે ખેલ સહાયક માટે **ખેલ અભિરૂચિ કસોટી** (Sports Aptitude Test)(SAT)માટે નીચે ગુજબના નિયમો ઠરાવવામાં આવે છે. ખેલ અભિરૂચિ કસોટી(SAT)નું આયોજન રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

**(1) ખેલ સહાયક(SAT) પરીક્ષા આપવાની પાત્રતા :**

I. **શૈક્ષણિક લાયકાત** :
માન્ય યુનિવર્સિટીના કોઇ પણ વિદ્યાશાખાના સ્નાતક અને C.P.Ed / D.P.Ed / B.P.Ed / B.A in Yoga / B.Sc. in Yoga અથવા B.P.E

II. **વય મર્યાદા :** ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ

**(2) ખેલ અભિરૂચિ કસોટી રચનાનું માળખું અને અભ્યાસક્રમ :**

**(A) કસોટીનું માળખુ :**

I. ખેલ અભિરૂચિ કસોટી બહુવિકલ્પ (Multiple Choice Question Based – MCQs) સ્વરૂપની રહેશે. દરેક પ્રશ્ન એક ગુણનો રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે. પરીક્ષાની પધ્ધતિ રાજ્ય પરીક્ષા બોર્ડ નકકી કરશે.

II. આ કસોટીના મુલ્યાંકનમાં કોઈ નકારાત્મક મૂલ્યાંકન (Negative Marking) રહેશે નહીં.

III. વિવિધ હેતુલક્ષી કુલ ૧૦૦ પ્રશ્નો રહેશે અને તેનો સમય ૯૦ મિનિટનો રહેશે.

IV. તમામ વિભાગો અને તેના તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે.

V. તમામ વિભાગોનું એક જ પેપર રહેશે.

VI. આ માટેના અલાયદા નિતિનિયમો અને સૂચનાઓ તથા માર્ગદર્શક બાબતો અંગેની સાહિત્ય સામગ્રી અને જાહેરનામું રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તૈયાર કરી પ્રચાર પ્રસાર કરશે.

**(B) કસોટીનો અભ્યાસક્રમ :**

**(I) રમત ગમત સાથે સંકળાયેલ જ્ઞાન આધારિત પ્રશ્નો:** (૭૦ પ્રશ્નો) (૭૦ ગુણ)

- શારીરિક અને માનસિક વિકાસને લગતા પ્રશ્નો, યોગ, શારીરિક શિક્ષણ અને રમત ગમત, તે રમતો અંગેના નિયમોની જાણકારી, રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલકૂદ સ્પર્ધાઓને લગતા પ્રશ્નો

**(II) બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો** (Child Development & Pedagogy) : (૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)

- બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતોનો વિભાગ, અધ્યયન અને અધ્યાપનને લગતા શૈક્ષણિક પ્રશ્ન, મનોવિજ્ઞાન આધારિત રહેશે. ઉમેદવારની વૈચારિક દોહન પ્રક્રિયાનું મૂલ્યાંકન થાય, વિદ્યાર્થી સાથેની સબળ આંતરક્રિયા અંગેની તેની સંકલ્પનાઓ જાણી શકાય, બાળકેન્દ્રી અધ્યાપન માટેની વિષયસજ્જતા કેવી છે, તેનું સુચારૂ મૂલ્યાંકન થાય તેવા વ્યવહારૂ પ્રશ્નો (Applied Questions) અંગેની વિચારપ્રેરક વિષયસામગ્રી અંગેના પ્રશ્નો કસોટીમાં પૂછવામાં આવશે.

**(III) સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહોની જાણકારી**: - (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)

- સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહોની જાણકારી તેમજ Reasoning Ability, Logical Ability, Teacher Aptitude, Data Interpretation જેવી બાબતો પણ સમાવવામાં આવશે.

**(3) કસોટીનું માધ્યમ :**

આ કસોટી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય માધ્યમમાં યોજવામાં આવશે . ઉમેદવાર ત્રણેય પૈકી કોઈપણ એક માધ્યમ પસંદ કરી શકશે.

**(4) પરીક્ષા ફી** : રાજ્ય પરીક્ષા બોર્ડ વખતો વખત નક્કી કરે તે પ્રમાણે પરીક્ષા ફી રહેશે.

**(5)** ખેલ અભિરૂચિ કસોટીમાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો ઉર્તિણ ગણવામાં આવશે.

**(6)** દરેક સફળ ઉમેદવારને ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આપવામાં આવશે. જેમાં ઉમેદવારનું નામ અને સરનામું, પરીક્ષા કેન્દ્રનું નામ અને સરનામું તથા કોડ નંબર, જન્મતારીખ, પરીક્ષાનો બેઠક નંબર, કસોટી આપ્યાનો માસ અને વર્ષ, પ્રશ્નપત્રના નામ સાથે મેળવેલ ગુણ અને ટકા વગેરે છાપવાનાં રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જયશ્રી દેવાંગન)**
**સંયુકત સચિવ(પ્રા. શિ)**
**શિક્ષણ વિભાગ**

**પ્રતિ,**

- માન રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**ગુજરાત રાજ્યની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિઓ અને નગર શિક્ષણ સમિતિઓ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓમાં 'ખેલ સહાયક' યોજના બાબત.**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૨૮-ક**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૧૦/૦૭/૨૦૨૩**

**વંચાણે લીધેલા** :

(૧) પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:પ્રાશિનિ/ચ-૧/ન.બા./ઇડીએન-૫.૧૬/ ૨૨-૨૩/૧૦૭૭૧-૭૨ તા.૩૧/૦૩/૨૦૨૩

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૦-૦૭-૨૦૨૩નો ઠરાવ ક:Ed/KEF/e-file/3/2023/0277/K

**પ્રસ્તાવના :**

સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થઇ શકે તથા યોગ, શારીરિક શિક્ષણ, તથા રમત ગમતમાં રસ રૂચિ વધે તથા ભવિષ્યમાં યોજાનાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલકૂદ સ્પર્ધાઓમાં ગુજરાતનાં વિદ્યાર્થીઓ વધુમાં વધુ સંખ્યામાં પ્રતિનિધિત્વ કરી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી શકે તે માટે સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રમત-ગમત અને ખેલકૂદ માટે તૈયાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે આ 'યોજના' અન્વયે રાજ્યની ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થઇ શકે તથા યોગ, શારીરિક શિક્ષણ, તથા રમત-ગમતમાં રસ રૂચિ વધે તેમજ ભવિષ્યમાં યોજાનાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલકૂદ સ્પર્ધાઓમાં ગુજરાતનાં વિદ્યાર્થીઓ વધારે સંખ્યામાં પ્રતિનિધિત્વ કરી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી શકે તે માટે શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રમત-ગમત અને ખેલકૂદ માટે તૈયાર કરવાના હેતુથી **'ખેલ સહાયક યોજના'** નીચેની શરતોને આધીન અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૧. યોજનાનું નામ :**

ગુજરાત રાજ્યની જિલ્લા પંચાયત સમિતિઓ અને નગર શિક્ષણ સમિતિઓ સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓમાં 'ખેલ સહાયક યોજના' રહેશે.

**૨. યોજનાના અમલીકરણ અધિકારી :**

આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર રહેશે.

**૩. ખેલ સહાયકની સેવાકીય વિગતો નીચે મુજબ રહેશે :**

| ક્રમ | વિગત | ધારાધોરણ |
|---|---|---|
| ૧ | **ઉમેદવારની લાયકાત** | 'રાજ્ય પરીક્ષા બોર્ડ' દ્વારા લેવાયેલ 'ખેલ અભિરૂચિ કસોટી (SAT)' પરીક્ષા પાસ |
| ૨ | **ઉમેદવારની મહત્તમ વય મર્યાદા**(અરજીની તારીખે) | ૩૫ વર્ષથી વધુ નહી |
| ૩ | **મેરીટ લિસ્ટ તૈયાર કરવાની પધ્ધતિ** | 'રાજ્ય પરીક્ષા બોર્ડ' દ્વારા લેવાયેલ SAT ના પ્રસિધ્ધ કરવામાં આવેલ પરિણામના મેરિટ લિસ્ટના આધારે |
| ૪ | **ઉચ્ચક માનદ્ વેતન (માસિક)** | રૂ. ૨૧,000/- ફિક્સ<br>શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી |
| ૫ | **કરારનો સમયગાળો** | ખેલ સહાયકોની કામગીરીનો કરાર ૧૧ માસનો રહેશે (વેકેશન સિવાય). અગિયાર માસનો કરારનો સમય પુરો થતાં કરાર આપોઆપ રદ થયેલ ગણાશે. |
| ૬ | **કરાર કરવાની સત્તા** | આ કરાર 'શાળા વ્યવસ્થાપન સમિતિ'(SMC) દ્વારા કરવાનો રહેશે.<br>કરારના અંતે કામગીરીનો સમીક્ષા કરવામા આવે અને સમીક્ષાના આધારે યોગ્ય જણાયે નવેસરથી કરાર કરવામાં આવશે. |
| ૭ | **કામકાજનો સમય** | કરાર આધારિત ખેલ સહાયકોએ શાળામાં કામકાજનાં દિવસો દરમિયાન પ્રતિદિન શાળા સમય દરમિયાન રમત-ગમત વિષય ઉપરાંત વધારાના સમય દરમિયાન જે વિદ્યાર્થીઓ કોઇ ચોક્કસ રમતમાં વિશેષ રૂચિ અને કૌશલ્ય ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ આપી જે તે રમતમાં તેઓનો યોગ્ય વિકાસ થાય તે મુજબની કામગીરી કરવાની રહેશે. ઉપરાંત, શાળાની શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની જે કામગીરી સોપવામાં આવે તે કરવાની રહેશે. |

## ૪. માર્ગદર્શક સૂચનાઓ અને શરતો.

### A. ખેલ સહાયકની ફાળવણી માટે શાળા પસંદગી :

રાજ્યની ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી મોટી સરકારી પ્રાથમિક શાળાઓને પ્રાથમિકતા આપવાની રહેશે. સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર દ્વારા આવી શાળા દીઠ એક 'ખેલ સહાયક'ને કરાર આધારિત કામગીરી સોંપવાની રહેશે.

### B. ખેલ સહાયકની શાળાઓમાં ફાળવણીની પ્રક્રિયા :

I. સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર દર વર્ષે ખેલ સહાયકો પાસેથી કામગીરી લેવાની છે તેવી શાળાઓની ખાલી જગ્યાની 'યાદી' પ્રસિદ્ધ કરવાની રહેશે અને જાહેરાત આપી અરજીઓ મંગાવવાની રહેશે અને જે ખેલ સહાયક અગાઉના વર્ષે જે શાળામાં હતા તે શાળા પસંદ કરે તો અગ્રિમતા આપવાની રહેશે.

II. રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ 'SAT'ના મેરિટ લિસ્ટના આધારે તે મેરિટ લિસ્ટના ઉમેદવારો આ જગ્યાઓ માટે અરજી કરી શકશે અને પોર્ટલ પર જાહેર કરેલ શાળાઓ પૈકી તેઓ કઈ શાળામાં/શાળાઓમાં 'ખેલ સહાયક' તરીકે કામગીરી કરવા ઈચ્છે છે તેની પસંદગી ઓનલાઇન(Online) આપશે.

III. ત્યારબાદ સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરએ Merit cum Preference ના આધારે શાળાવાર ખેલ સહાયકની યાદી તૈયાર કરી જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી મારફત 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (SMC) ને મોકલી આપશે.

IV. જે યાદી મળ્યેથી સંબંધિત 'શાળા વ્યવસ્થાપન સમિતિ'એ ફાળવેલ ઉમેદવાર સાથે કરાર કરી તેમને જે તે શાળામાં ખેલ સહાયક તરીકે રાખવાના રહેશે.

### C. ખેલ સહાયકોની કામગીરીની સમીક્ષા અને નવા કરાર કરવાની પ્રક્રિયા :

a. ખેલ સહાયકોના સામાન્ય રીતે ૧૧ માસનો કરાર કરવાનો રહેશે. આ કરાર 'શાળા વ્યવસ્થાપન સમિતિ'(SMC) દ્વારા કરવાનો રહેશે.

b. કરારનાં અંતે કામગીરીનો સમીક્ષા કરવામા આવશે.

i. સમીક્ષા કરવા માટેની 'શાળા વ્યવસ્થાપન સમિતિ'(SMC) ના સદસ્યો ઉપરાંત જે તે ક્લસ્ટરના 'ક્લસ્ટર રીસોર્સ કો.ઓડીનેટર' (સીઆરસી) પણ સભ્ય તરીકે રહેશે.

ii. સમીક્ષા(Review)ના અંતે ખેલ સહાયકની કામગીરી સંતોષકારક જણાશે તો 'શાળા વ્યવસ્થાપન સમિતિ'(SMC) દ્વારા સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર આપવામાં આવશે. તેઓ નવેસરથી અરજી કરી શકશે.

**iii.** જે ખેલ સહાયક સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર મેળવી શકશે નહીં તેઓ ત્યાર પછીના એક વર્ષ સુધી ખેલ સહાયક માટે અરજી કરી શકશે નહીં.

## D. ખેલ સહાયકને અન્ય શાળામાં ફાળવવા માટેની પ્રક્રિયા :

I. રાજ્યની ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સરકારી પ્રાથમિક શાળામાં ખેલ સહાયકની ફાળવણી કરવામાં આવશે. કરાર આધારિત રાખવામાં આવેલ ખેલ સહાયકને કરારનો સમય પૂરો થયેથી છૂટા કરવાના રહેશે.

II. પછીના વર્ષે છૂટા કરાયેલ ખેલ સહાયક અરજી કરે તો અન્ય શાળામાં કે અન્ય જિલ્લા/નગર જેમાં નિયત કરવામાં આવેલ ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળામાં Merit cum Preference ના આધારે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર ફાળવણી કરશે.

III. ખેલ સહાયકની ફાળવણી માટેની શાળા નિયત કરતી વખતે બીજા વર્ષે જો વિદ્યાર્થી સંખ્યા ૩૦૦ કરતાં ઓછી થાય તથા પ્રથમ વર્ષે તે શાળા પસંદ થયેલ હોય અને આ શાળાની વિદ્યાર્થી સંખ્યામાં ૧૦% સુધીનો ઘટાડો થાય તો પણ તે શાળાનો યાદીમાં સમાવેશ કરી શકાશે.

## E. ખેલ સહાયકોના ઉચ્ચક માનદ્ વેતનની ચુકવણી :

I. જિલ્લા શિક્ષણ સમિતિ / નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળા માટે ફાળવેલ ખેલ સહાયકને નિયત માનદ્ વેતન, ઉચ્ચક દરે ચૂકવવામાં આવશે.

II. આ માટે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર મારફતે ઉચ્ચક માનદ્ વેતનની Direct Bank Transfer થી ચૂકવણી કરવાની રહેશે.

III. ખેલ સહાયક સાથે કરવાનો થતો કરાર ૧૧(અગિયાર) માસ માટે કરવાનો રહેશે. જો કોઈ ખેલ સહાયકને કરાર કરતાં વધુ સમય માટે ચાલુ રાખવામાં આવશે તો તેઓને ચુકવાયેલ વધારાની રકમ આચાર્યના અંગત પગારમાંથી વસૂલ કરવામાં

આવશે અને તે માટે આચાર્ય પાસેથી યથા સંજોગો વસૂલાત કરવા તથા શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે જરૂરી તકેદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીએ રાખવાની રહેશે.

IV. આ યોજના અંગેની ગ્રાન્ટ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગાંધીનગરએ સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરને ફાળવવાની રહેશે અને સમગ્ર શિક્ષાએ તેઓએ ફાળવેલ ઉમેદવારોની સંખ્યા ધ્યાને રાખી સંબંધિત જિલ્લા/નગરને ગ્રાન્ટ ફાળવવાની રહેશે.

**F. માનદ્ વેતનમાં સમયાંતરે વધારો :**

આ યોજનાના બે વર્ષે પૂર્ણ થયેથી ઉચ્ચક માનદવેતનમાં વધારો કરવા માટે રાજય સરકાર દ્વારા વિચારણા કરવામાં આવશે.

**G. ખેલ સહાયક યોજનાનો સમયગાળો :**

I. આ યોજના 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' પ્રોજેક્ટના સમયગાળા દરમિયાન એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ સુધી અમલમાં રહેશે.

II. આ યોજના હેઠળ કરાર આધારિત સેવાઓ લેવાની હોઇ ખેલ સહાયક તરીકે આવનાર ઉમેદવારનો અન્ય કોઇ પણ સેવાવિષયક હક્કદાવો રહેશે નહી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, શાસનાધિકારી અને જે તે શાળાના આચાર્યોએ માર્ગદર્શક સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

III. 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' પ્રોજેક્ટ પૂર્ણ થયેથી આ યોજના અંગે સરકારશ્રી તરફથી પુન: વિચારણા કરવામાં આવશે.

આ અંગેનો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૦૭/૦૭/૨૦૨૩ની નોંધથી સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જયશ્રી દેવાંગન)**
**સંયુક્ત સચિવ(પ્રા.શિ.)**
**શિક્ષણ વિભાગ,**
**ગુજરાત સરકાર**

**પ્રતિ,**

- માન રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકિનકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા અને નગરપાલિકા

} **સમગ્ર શિક્ષા કચેરી મારફત**

- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર(ઠરાવ ઓન લાઇન મુકવા સારું)
- સેકશન અધિકારીશ્રી, ક, ક-૧, ન-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૩
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૩

**ગુજરાત રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 'ખેલ સહાયક' યોજના બાબત.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: ED/GES/e-file/3/2023/0412/G-1
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૦/૦૭/૨૦૨૩

**વંચાણે લીધેલા :**

1) કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ધ/માધ્ય/અ-૨/નવી બાબત/૨૦૨૩/૪૭૨૭-૨૮

**પ્રસ્તાવના :**

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થઇ શકે તથા યોગ, શારીરિક શિક્ષણ, તથા રમત ગમતમાં રસ રૂચિ વધે તથા ભવિષ્યમાં યોજનાર રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ખેલકૂદ સ્પર્ધાઓમાં ગુજરાતનાં વિદ્યાર્થીઓ વધુમાં વધુ સંખ્યામાં પ્રતિનિધિત્વ કરી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી શકે તે માટે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રમત ગમત અને ખેલકૂદ માટે તૈયાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે આ યોજના અન્વયે રાજ્યની 300 કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થઇ શકે તથા યોગ, શારીરિક શિક્ષણ, તથા રમત ગમતમાં રસ રૂચિ વધે તેમજ ભવિષ્યમાં યોજનાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલકૂદ સ્પર્ધાઓમાં ગુજરાતનાં વિદ્યાર્થીઓ વધારે સંખ્યામાં પ્રતિનિધિત્વ કરી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી શકે તે માટે શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રમત ગમત અને ખેલકૂદ માટે તૈયાર કરવાના હેતુથી **ખેલ સહાયક** યોજના નીચેની શરતોને આધીન અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૧. યોજનાનું નામ :**

આ યોજનાનું નામ ગુજરાત રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 'ખેલ સહાયક' યોજના રહેશે.

P.T.O

**૨. યોજનાના અમલીકરણ અધિકારી :**

આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગર રહેશે.

**૩. ખેલ સહાયકની સેવાકીય વિગતો નીચે મુજબ રહેશે :**

| ક્રમ | વિગત | ધારાધોરણ |
|---|---|---|
| ૧ | **ઉમેદવારની લાયકાત** | રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનાર ખેલ અભિરૂચિ કસોટી (SAT) પરીક્ષા પાસ |
| ૨ | **ઉમેદવારની મહત્તમ વય મર્યાદા** (અરજીની તારીખે) | ૩૫ વર્ષથી વધુ નહી |
| ૩ | **મેરિટ લિસ્ટ તૈયાર કરવાની પધ્ધતિ** | રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા SAT ના પ્રસિધ્ધ કરવામાં આવેલ પરિણામના મેરિટ લિસ્ટના આધારે |
| ૪ | **ઉચ્ચક માનદ્ વેતન (માસિક)** | રૂ.૨૧,૦૦૦/- ફિક્સ<br>શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી |
| ૫ | **કરારનો સમયગાળો** | ખેલ સહાયકોની કામગીરીનો કરાર ૧૧ માસનો રહેશે (વેકેશન સિવાય). અગિયાર માસનો કરારનો સમય પુરો થતાં કરાર આપોઆપ રદ થયેલ ગણાશે. |
| ૬ | **કરાર કરવાની સત્તા** | આ કરાર શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ (SMDC) દ્વારા કરવાનો રહેશે.<br>કરારના અંતે કામગીરીની સમીક્ષા કરવામાં આવે અને સમીક્ષાના આધારે યોગ્ય જણાયે નવેસરથી કરાર કરવામાં આવશે. |
| ૭ | **કામકાજનો સમય** | કરાર આધારિત ખેલ સહાયકોએ શાળામાં કામકાજનાં દિવસો દરમિયાન પ્રતિદિન શાળા સમય દરમિયાન રમત-ગમત વિષય ઉપરાંત વધારાના સમય દરમિયાન જે વિદ્યાર્થીઓ કોઇ ચોકક્સ રમતમાં વિશેષ રૂચિ અને કૌશલ્ય ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ આપી જે તે રમતમાં તેઓનો યોગ્ય વિકાસ થાય તે મુજબની કામગીરી કરવાની રહેશે. ઉપરાંત શાળાની શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની જે કામગીરી સોપવામાં આવે તે કરવાની રહેશે. |

## ૪. માર્ગદર્શક સૂચનાઓ અને શરતો.

### A. ખેલ સહાયકની ફાળવણી માટે શાળા પસંદગી :

I. રાજ્યની ૩૦૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી મોટી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પ્રાથમિકતા આપવાની રહેશે. સમગ્ર શિક્ષા કચેરી ગાંધીનગર દ્વારા આવી શાળા દીઠ એક ખેલ સહાયકને કરાર આધારિત કામગીરી સોંપવાની રહેશે.

### B. ખેલ સહાયકની શાળાઓમાં ફાળવણીની પ્રક્રિયા :

I. સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરે દર વર્ષે ખેલ સહાયકો પાસેથી કામગીરી લેવાની છે તેવી શાળાઓની ખાલી જગ્યાની યાદી પ્રસિદ્ધ કરવાની રહેશે અને જાહેરાત આપી અરજીઓ મંગાવવાની રહેશે અને જે ખેલ સહાયક અગાઉના વર્ષે જે શાળામાં હતા તે શાળા પસંદ કરે તો અગ્રિમતા આપવાની રહેશે.

II. રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ 'SAT'ના મેરિટ લિસ્ટના આધારે' તે મેરિટ લીસ્ટના ઉમેદવારો આ જગ્યાઓ માટે અરજી કરી શકશે અને પોર્ટલ પર જાહેર કરેલ શાળાઓ પૈકી તેઓ કઈ શાળામાં/શાળાઓમાં ખેલ સહાયક તરીકે કામગીરી કરવા ઈચ્છે છે તેની પસંદગી ઓનલાઇન(Online) આપશે.

III. ત્યારબાદ સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરે Merit cum Preference ના આધારે શાળાવાર ખેલ સહાયકની યાદી તૈયાર કરી, જે તે જિલ્લા શિક્ષણાધિકારી મારફત શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ (SMDC) ને મોકલી આપવાની રહેશે.

IV. જે યાદી મળ્યેથી સંબંધિત શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ(SMDC)એ ફાળવેલ ઉમેદવાર સાથે કરાર કરી તેમને જે તે શાળામાં ખેલ સહાયક તરીકે રાખવાના રહેશે.

### C. ખેલ સહાયકોની કામગીરીની સમીક્ષા અને નવા કરાર કરવાની પ્રક્રિયા :

a. ખેલ સહાયકોના સામાન્ય રીતે ૧૧ માસનો કરાર કરવાનો રહેશે. આ કરાર શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ (SMDC) દ્વારા કરવાનો રહેશે.

b. કરારનાં અંતે કામગીરીનો સમીક્ષા કરવામાં આવશે.

   i. સમીક્ષા કરવા માટેની સમિતિમાં શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ (SMDC) ના સદસ્યો રહેશે.

ii. સમીક્ષાના અંતે ખેલ સહાયકની કામગીરી સંતોષકારક જણાશે તો શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ (SMDC) દ્વારા સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર આપવામાં આવશે. તેઓ નવેસરથી અરજી કરી શકશે.

iii. જે ખેલ સહાયક સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર મેળવી શકશે નહીં તેઓ ત્યાર પછીના એક વર્ષ સુધી ખેલ સહાયક માટે અરજી કરી શકશે નહીં

**D. ખેલ સહાયકને અન્ય શાળામાં ફાળવવા માટેની પ્રક્રિયા :**

I. રાજ્યની 300 કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખેલ સહાયકની ફાળવણી કરવામાં આવશે. કરાર આધારિત રાખવામાં આવેલ ખેલ સહાયકને કરારનો સમય પુરો થયેથી છૂટા કરવાના રહેશે.

II. પછીના વર્ષે છૂટા કરાયેલ ખેલ સહાયક અરજી કરે તો અન્ય શાળામાં કે અન્ય જિલ્લામાં જેમાં નિયત કરવામાં આવેલ 300 કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળામાં Merit cum Preference ના આધારે સમગ્ર શિક્ષા કચેરી ગાંધીનગર ફાળવણી કરશે.

III. ખેલ સહાયકની ફાળવણી માટેની શાળા નિયત કરતી વખતે બીજા વર્ષે જો વિદ્યાર્થી સંખ્યા 300 કરતાં ઓછી થાય તથા પ્રથમ વર્ષે તે શાળા પસંદ થયેલ હોય અને આ શાળાની વિદ્યાર્થી સંખ્યામાં ૧૦% સુધીનો ઘટાડો થાય તો પણ તે શાળાનો યાદીમાં સમાવેશ કરી શકાશે.

**E. ખેલ સહાયકોના ઉચ્ચક માનદ વેતનની ચુકવણી:**

I. સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ફાળવેલ ખેલ સહાયકને નિયત માનદ વેતન, ઉચ્ચક દરે ચૂકવવામાં આવશે.

II. આ માટે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરે જિલ્લા શિક્ષણાધિકારી મારફતે ઉચ્ચક માનદવેતનની DBT થી ચૂકવણી કરવાની રહેશે.

III. ખેલ સહાયક સાથે કરવાનો થતો કરાર ૧૧(અગિયાર) માસ માટે કરવાનો રહેશે. જો કોઈ ખેલ સહાયકને કરાર કરતાં વધુ સમય માટે ચાલુ રાખવામાં આવશે તો તેઓને ચુકવાયેલ વધારાની રકમ આચાર્યના અંગત પગારમાંથી વસૂલ કરવામાં આવશે અને તે માટે આચાર્ય પાસેથી યથા સંજોગો વસૂલાત કરવા તથા શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે જરૂરી તકેદારી જિલ્લા શિક્ષણાધિકારીએ રાખવાની રહેશે.

IV. આ યોજના અંગેની ગ્રાન્ટ નિયામક શાળાઓની કચેરીએ સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરને ફાળવવાની રહેશે અને સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરે તેઓને

ફાળવેલ ઉમેદવારોની સંખ્યા ધ્યાને રાખી સંબંધિત જિલ્લાને ગ્રાન્ટ ફાળવવાની રહેશે.

F. **માનદ વેતનમાં સમયાંતરે વધારો:**

આ યોજનાના બે વર્ષ પૂર્ણ થયેથી ઉચ્ચક માનદવેતનમાં વધારો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વિચારણા કરવામાં આવશે.

G. **ખેલ સહાયક યોજનાનો સમયગાળો:**

I. આ યોજના 'મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ' પ્રોજેક્ટના સમયગાળા દરમિયાન એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ સુધી અમલમાં રહેશે.

II. આ યોજના હેઠળ કરાર આધારિત સેવાઓ લેવાની હોઇ ખેલ સહાયક તરીકે આવનાર ઉમેદવારનો અન્ય કોઇ પણ સેવાવિષયક હક્કદાવો રહેશે નહી. જિલ્લા શિક્ષણાધિકારી અને જે તે શાળાના આચાર્યોએ માર્ગદર્શક સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

III. 'મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ' પ્રોજેક્ટ પૂર્ણ થયેથી આ યોજના અંગે સરકારશ્રી તરફથી પુનઃ વિચારણા કરવામાં આવશે.

આ અંગેનો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૦૬/૦૭/૨૦૨૩ની નોંધથી સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

B.N.

**(ડૉ.ભાવેશ એરડા)**
**અધિક સચિવ**
**શિક્ષણ વિભાગ,**
**ગુજરાત સરકાર**

**પ્રતિ,**

- માન રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર(ઠરાવ ઓન લાઇન મુકવા સારુ)
- સેકશન અધિકારીશ્રી, ગ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૩
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૩